| | | | |
|---|---|---|---|
| **3 નવેમ્બર ૨૦૨૪**<br>**૧ લો રવિવાર**<br>**મંડળીનું પવિત્રીકરણ (કુદોષ ઇથો)** | | | |
| **શાસ્ત્રવાંચન** | | | |
| યશાયા ૬:૧-૮ | ગીતશાસ્ત્ર ૪૩ | ૧કરિંથી ૩:૧૬-,૧૭ & ૬:૧૫ -૨૦ | સંત માથ્થી ૧૬:૧૩-૨૩ |

**વિષય: ઈસુ ખ્રિસ્ત છે, પરમેશ્વરનો પુત્ર**

**આ ફકરો શેના વિષે છે?**

તે કોણ છે તે વિશે અન્ય લોકો શું કહે છે તે પૂછ્યા પછી, ઈસુ પછી તેના શિષ્યોને તે જ પ્રશ્ન પૂછે છે. દૈવીય પ્રકટીકરણ દ્વારા સંત પિતર  યોગ્ય રીતે જવાબ આપે છે, અને ઈસુ કહે છે કે મંડળી પોતે વિશ્વાસના આ સાચા કબૂલાત પર બનેલી છે. છતાં પછીથી, જ્યારે ઇસુ તેની આવનારી વેદનાઓ વિશે વાત કરે છે, પિતર તે સમજી શકતો નથી, સંત પિતર શેતાનના વિચારો બોલે છે.

**આમાંથી આપણે શું શીખીએ છીએ?**

જો કે લોકોમાં ઈસુ કોણ છે તેની અલગ-અલગ સમજણ હોય શકે છે, આપણે વિશ્વાસથી કબૂલ કરીએ છીએ કે ઈસુ ખ્રિસ્ત, જીવતા દેવનો પુત્ર છે!

**આપણે આ કેવી રીતે લાગુ કરી શકીએ?**

૧. આ કબૂલાત મંડળીનો પાયો છે.

૨. મંડળીના ભાગ રૂપે, આપણે આપણી પારિવારિક પ્રાર્થના દરમિયાન અને મંડળીમાં સામૂહિક રીતે અને વ્યક્તિગત રીતે નિકૈયાના વિશ્વાસ કથનનો પાઠ કરીને દરરોજ આપણા વિશ્વાસની કબૂલાત કરીએ છીએ.

3. કંઇપણ  નહીં,  મૃત્યુ પણ મંડળીને ઈસુ અને તે વિશ્વને જે મુક્તિ પ્રદાન કરે છે તેના વિશે જાહેર કરવામાં રોકી શકશે નહીં.

**૧૦ નવેમ્બર ૨૦૨૪**

**૨જો રવિવાર**

**મંડળીનું સમર્પણ (હૂડોશ ઈથો)**

**શાસ્ત્રવાંચન**

| | | | |
|---|---|---|---|
| ૧ રાજા ૮: ૨૨-૪૦ | ગીતશાસ્ત્ર ૭૮:૧-૭ | હિબ્રૂ ૯: ૧-૧૪ | સંત યોહાન ૧૦: ૨૨-૩૮ |

**વિષય: ઈશ્વરનો અવાજ સાંભળો અને તેને અનુસરો**

**આ ફકરો શેના વિશે છે?**

ઈસુ કહે છે કે તે ઘેટાંપાળક છે જે તેનું સાંભળે છે અને તેને અનુસરે છે તેમને અનંત જીવન આપે છે, જો કે ઘણા એવા છે કે જેઓ તેમનામાં વિશ્વાસ કરશે નહીં અથવા તેમનું સાંભળશે નહીં, તેમ છતાં તેઓએ ઈસુએ કરેલા ઘણા ચમત્કાર જોયા છે.

**આમાંથી આપણે શું શીખીએ છીએ?**

ઈસુ સારા ઘેટાંપાળક છે, અને જો આપણે તેમના અવાજને અનુસરીએ તો આપણે સુરક્ષિત રહીશું. આપણે એ પણ જાણીએ છીએ કે ફરોશીઓ ઈસુને પથ્થર મારવા તૈયાર થાય છે કારણ કે તે ઈશ્વરના  પુત્ર હોવાનો દાવો કરે છે.

**આપણે આ કેવી રીતે લાગુ કરી શકીએ?**

1. જ્યારે આપણે પરમેશ્વરના વચનો સાંભળીએ છીએ અને વાંચીએ છીએ, ત્યારે આપણે ઘેટાંપાળકનો અવાજ સાંભળીએ છીએ.
2. સાંભળવાનો અર્થ છે, આજ્ઞાપાલન; અને આજ્ઞાપાલન એ ઘેટાંપાળકના અવાજ પર વિશ્વાસ રાખવાનો છે.
3. જ્યારે આપણે ઘેટાંપાળકના અવાજને અનુસરીએ છીએ, ત્યારે આપણે વિશ્વાસ રાખી શકીએ છીએ કે આપણે ખોટા માર્ગે જઈશું નહીં.

| | | | |
|---|---|---|---|
| **૧૭ નવેમ્બર ૨૦૨૪ માતા – પિતાનો રવિવાર:ખાસ દાન** | | | |
| **3 જો રવિવાર** | | | |
| **ઘોષણાની ઋતુ: યોહાન બાપ્તિસ્માના જન્મની ભવિષ્યવાણી કરવામાં આવી છે.** | | | |
| **શાસ્ત્રવાંચન** | | | |
| ઉત્પત્તિ ૧૭:૧૫-૨૨ | ગીતશાસ્ત્ર ૧૨૩ | ૨ પિતર ૧: ૧-૧૫ | સંત લુક ૧: ૫ - ૨૫ |

**વિષય: ઈશ્વરના વચનોમાં વિશ્વાસ કરો**

**આ ફકરો શેના વિશે છે?**
ઈશ્વર ચમત્કારિક રીતે એક બાળક માટે વૃદ્ધ ન્યાયી દંપતીની પ્રાર્થનાનો જવાબ આપે છે. ઈશ્વરનો દૂત કહે છે કે બાળકનું નામ શું રાખવું, તેને કેવી રીતે ઉછેરવું અને બધાના જીવનમાં ઉદ્ધાર લાવવામાં તેની ભૂમિકા શું હશે. પરંતુ પિતા ઝખાર્યામાં વિશ્વાસનો અભાવ છે અને પરિણામે તેઓ તેમના બાળકના જન્મ સુધી બોલી શકતા નથી.

**આમાંથી આપણે શું શીખીએ છીએ?**
ઈશ્વર ચમત્કારિક રીતે આપણી પ્રાર્થનાઓનો જવાબ આપે છે. પરંતુ આપણે વિશ્વાસ રાખવાની અને આપણા જીવન માટે ઈશ્વરના વચનો પર કાર્ય કરવાની જરૂર છે.

**આપણે આ કેવી રીતે લાગુ કરી શકીએ?**
1. પરિસ્થિતિ વ્યવહારીક રીતે અશક્ય લાગે તો પણ ઈશ્વર ચમત્કાર કરી શકે છે.
2. પરંતુ આપણે વિશ્વાસ રાખવાની જરૂર છે કારણ કે વિશ્વાસ વિના ઈશ્વરને ખુશ કરવા અશક્ય છે [હિબ્રૂ.૧૧ :૬]
3. વિશ્વાસ આપણને ઈશ્વરના વચનો પર કાર્ય કરવા તરફ દોરી જાય છે.

**૨૧ નવેમ્બર ૨૦૨૪**

**થિયોટોકોસનો (પ્રભુની માતા) પ્રવેશનું પર્વ**

**શાસ્ત્રવાંચન**

| | | | |
|---|---|---|---|
| નિર્ગમન ૪૦ :૧-૫, ૯-૧૦ | ૧ રાજા ૮:૧, ૩-૪,૬-૮,૯-૧૧ | હિબ્રૂ ૯:૧-૭ | સંત લુક ૧૦:૩૮-૪૨,૧૧:૨૭-૨૮ |

**વિષય: આપણે જીવંત ઈશ્વરના મંદિરો છીએ.**

**આ પર્વ શેના વિશે છે?**

પવિત્ર મંડળીની જીવંત પરંપરા અનુસાર આ પર્વ આપણને આપવામાં આવ્યું છે.સંત મરિયમને તેમના માતા-પિતા દ્વારા યરૂશાલેમના મંદિરમાં રજૂઆતની યાદ અપાવે છે જ્યારે તે એક બાળકી હતી.

**આમાંથી આપણે શું શીખીએ છીએ?**

આપણે શીખીએ છીએ કે, તેમની પ્રતિજ્ઞા પૂરી કરતા, જે માતા મરિયમના માતાપિતાએ લીધી હતી તેણીને યરૂશાલેમના મંદિરમાં લઈ ગયા, જ્યાં યાજક ઝખાર્યા (સંત યોહાન બાપ્તિસ્માના પિતા)એ તેણીને સ્વીકારી, અને તેણીએ ત્યાં ઈશ્વરની સેવા કરી, જ્યાં સુધી તેણીની સગાઈ સંત યુસુફ સાથે નહીં થઈ હતી.

**આપણે આ કેવી રીતે લાગુ કરી શકીએ?**

૧ . જેમ મરિયમના માતા-પિતાએ તેને ઈશ્વરની સેવામાં સમર્પિત કરી હતી, આપણે પણ માતાપિતા હોવાના કારણે એવું જ કરવાની ઈચ્છા રાખવી જોઈએ.

૨ . માતા મરિયમના જીવન વિશે ચિંતન કરવાનો આ સારો સમય છે

- ખાસ કરીને ઈશ્વરની આજ્ઞા પાળવા માટે તેણીની સંપૂર્ણ તૈયારી.

3. આ પર્વ નાતાલના એક મહિના પહેલા ઉજવવામાં આવતું હોવાથી,
તે આપણને ખ્રિસ્તના જન્મના(નાતાલના) પર્વની રાહ જોવામાં મદદ કરે છે.

| ૨૪ નવેમ્બર ૨૦૨૪<br>**૪થો રવિવાર**<br>**ઘોષણાની ઋતુ: ઈસુના જન્મની ઘોષણા મરિયમને કહેવામાં આવી** | | | |
|---|---|---|---|
| **શાસ્ત્રવાંચન** | | | |
| ઉત્પતિ ૨૮:૧૦-૨૨ | ગીતશાસ્ત્ર ૪૦: ૫-૧૦ | હિબ્રૂ ૨: ૧૪-૧૮ | સંત લુક ૧:૨૬-૩૮ |

**વિષય: આજ્ઞાપાલન સાથે પ્રતિસાદ આપો**

**આ ફકરો શેના વિશે છે?**

ગાબ્રિયેલ સ્વર્ગ દુતે મરિયમ નામની ગાલીલની એક યુવાન કુમારિકાને માનવજાત માટેના સૌથી મોટા સમાચારની જાહેરાત કરવા મોકલવામાં આવ્યો હતો. મરિયમનો પ્રત્યુતર ઈશ્વરની આજ્ઞાપાલન કરવાનો છે.

**આમાંથી આપણે શું શીખીએ છીએ?**

મરિયમ એ વિશ્વાસ, આજ્ઞાપાલન અને સંત જીવનનું આપણું સૌથી મોટું ઉદાહરણ છે, કારણ કે જ્યારે તેની પરિસ્થિતિની અશક્યતાને સમજતી હતી, ત્યારે પણ તેણે એ દેવદૂતે તેને જે કહ્યું તે માનવાનું પસંદ કર્યું અને પોતાને ઈશ્વરની ઇચ્છાને સોંપી દીધી.

**આપણે આ કેવી રીતે લાગુ કરી શકીએ?**

1. આપણે માતા મરિયમને આદર કરીએ છીએ અને પવિત્ર ગણતા (પૂજ્યભાવ ધરાવતા) કહીએ છીએ, તું ધન્ય છે!

2.ઈશ્વર પર ભરોસો રાખો અને ચાલો કહીએ - 'તમારી ઇચ્છા મુજબ મારી સાથે થવા દો.'

3. જેમ માતા મરિયમનું જીવન ખ્રિસ્ત તરફ નિર્દેશ કરે છે, તેમ આપણું જીવન પણ ખ્રિસ્ત તરફ નિર્દેશ કરે છે.